ગુજરાત વિધાનસભા નિયમોના નિયમ ૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મંત્રીશ્રી(કૃષિ)નું ધ્યાન દોરતી સભ્યશ્રી ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા (દેવાભાઈ માલમ, અરવિંદભાઈ લાડાણી અને અર્જુનભાઈ મોઢવાડીયા)ની સૂચના એટલે કે :–

"તાજેતરમાં પડેલ ભારે વરસાદના કારણે જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ વગેરે જિલ્લાઓમાં કપાસ અને મગફળીના પાકને વ્યાપક નુકસાન થયેલ છે. તેના પરિણામે ખેડૂતોમાં ચિંતાની લાગણી ફેલાયેલ છે. આથી ખેડૂતોમાં ફેલાયેલ ચિંતાની લાગણી દૂર કરવા સર્વેની કામગીરી તાત્કાલિક હાથ પર લઈ અસરગ્રસ્ત ખેડૂતોને વળતર ચૂકવવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવાં ધારેલા પગલાંઓ"

---

માન.મંત્રીશ્રી(કૃષિ)નું નિવેદન: તા.૨૧/૦૮/૨૦૨૪

---

કપાસ અને મગફળીના પાકને વ્યાપક નુકસાન અંગેની વિગતો:–

**ભારે વરસાદ અંગે પ્રાથમિક માહિતી**

તાજેતરમાં જુલાઇ–૨૦૨૪ માસના બીજા પખવાડીયામાં તા.૧૮/૦૭/૨૦૨૪ થી તા.૨૪/૦૭/૨૦૨૪ દરમિયાન જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને રાજકોટ જિલ્લાના કુલ ૧૬ તાલુકાઓમાં સતત એકધાર્યો વરસાદ નોંધાયેલ હતો. આ ઉપરાંત આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જિલ્લાઓમાં આ સમયગાળા દરમ્યાન ભારે વરસાદ નોંધાયેલ હતો.

જૂનાગઢ જિલ્લાના આઠ તાલુકાઓમાં (જૂનાગઢ, કેશોદ, માળીયા, માણાવદર, માંગરોળ, મેંદરડા, વંથલી અને જૂનાગઢ સીટી), પોરબંદર જિલ્લાના ત્રણ તાલુકાઓમાં (પોરબંદર, કુતિયાણા અને રાણાવાવ), દેવભૂમિ દ્વારકા જિલ્લાના ત્રણ તાલુકાઓમાં (દ્વારકા, ખંભાળીયા અને કલ્યાણપુર) અને રાજકોટ જિલ્લાના બે તાલુકાઓમાં (ઉપલેટા અને ધોરાજી) એમ મળીને કુલ ૧૬ તાલુકાઓમાં સતત એકધાર્યો વરસાદ નોંધાયેલ છે. તા.૨૪.૦૭.૨૦૨૪ સુધીમાં જૂનાગઢ જિલ્લામાં ૧૨૦૭ મી.મી (૧૧૯.૭૧%), પોરબંદર જિલ્લામાં ૯૭૫ મી.મી. (૧૨૧.૩૦%), દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૦૯૦ મી.મી. (૧૪૧.૮૦%) અને રાજકોટ જિલ્લામાં ૪૧૫ મી.મી. (૫૭.૬૧%) વરસાદ નોંધાયેલ હતો.

**ખરીફ ૨૦૨૪ માં જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને રાજકોટ જિલ્લામાં થયેલ મુખ્યપાકોના વાવેતર વિસ્તારની માહિતી**

જુલાઇ માસના અંત સુધીમાં જૂનાગઢ જિલ્લામાં કુલ ૩,૧૭,૪૭૪ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ. જેમાં મુખ્ય ખરીફ પાકો જેવા કે મગફળી પાકનું ૨.૦૯ લાખ, કપાસ પાકનું ૩૫ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે. પોરબંદર જિલ્લામાં કુલ ૧,૧૧,૩૮૩ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે. જેમાં મુખ્યત્વે મગફળી પાકનું ૭૫ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૨,૩૫,૨૩૧ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે .જેમાં મુખ્યત્વે મગફળી પાકનું ૨.૧૭ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે. રાજકોટ જિલ્લામાં કુલ ૫,૧૦,૮૪૩ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે .જેમાં મુખ્ય ખરીફ પાકો જેવા કે મગફળી પાકનું ૨.૬૮ લાખ, કપાસ પાકનું ૧.૮૩ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે .

**ભારે વરસાદ અન્વયે ખેતી અને બાગાયતી પાકોને થયેલ અસર**

જુલાઇ માસ દરમિયાન મોટા ભાગના પાકો સ્કુરણ/ઉગાવા/વાનસ્પતિક વૃદ્ધિ અવસ્થાએ હતા. શરૂઆતના તબક્કામાં ખેડૂતો દ્વારા બિયારણ ખર્ચ, રાસાયણિક ખાતર ખર્ચ, વાવણી ખર્ચ જેવા ઇનપુટ ખર્ચ કરવામાં આવતા હોય છે. ખરીફ ઋતુની શરૂઆતમાં ભારે વરસાદને કારણે પાક નુકસાન જોવા મળેલ છે. આવા કિસ્સામાં જો વાવેતર નિષ્ફળ જાય તો બીજા પાક લેવાની ખેડૂતો જોડે શક્યતા રહેલી હોય છે. તેથી આ તબક્કાના પાક નુકસાનમાં ખેડૂતોને બિયારણ ખર્ચ, રાસાયણિક ખાતર ખર્ચ, વાવણી ખર્ચ જેવા ઇનપુટ ખર્ચનું નુકસાન થતું હોય છે.

**ભારે વરસાદ અન્વયે લેવામાં આવેલ પગલાં**

જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને રાજકોટ જિલ્લામાં તા.૨૦/૦૮/૨૦૨૪ સુધીમાં થયેલ વાવેતર પૈકી ૩,૫૮,૩૪૮ હેક્ટર વિસ્તાર વરસાદથી અસરગ્રસ્ત થયેલ હતો. જેમાં જુનાગઢ જિલ્લામાં ૧,૯૯,૭૫૮ હેક્ટર, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૧,૯૨૫ હેક્ટર, પોરબંદર જિલ્લામાં ૮૪,૧૨૦ હેક્ટર અને રાજકોટ જિલ્લામાં ૨૫,૨૩૪ હેક્ટરમાં સરવે પૂર્ણ થયેલ છે. હાલના તબક્કે જૂનાગઢ જિલ્લામાં ૬૪, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૧, પોરબંદર જિલ્લામાં ૨૨ અને રાજકોટ જિલ્લામાં ૮ એમ કુલ ૧૦૫ ટીમોની રચના કરી કુલ ૧૬ તાલુકાઓમાં વિગતવાર સર્વેની કામગીરી હાથ

ધરવામાં આવેલ છે. જૂનાગઢ, રાજકોટ અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાં ખેતરોમાં વરસાદના પાણી લાંબા સમય સુધી ભરાયેલા હોઇ સર્વેની કામગીરી ચાલુ છે. જેમાં જુનાગઢ જિલ્લામાં ૩૫૯ ગામોમાં, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૯૦ ગામોમાં, પોરબંદર જિલ્લામાં ૧૫૨ ગામોમાં અને રાજકોટ જિલ્લામાં ૩૦ ગામોમાં સરવે પૂર્ણ થયેલ છે. વિગતવાર સર્વેમાં નોંધપાત્ર પાક નુકસાની જણાયેથી રાજ્ય સરકારશ્રી દ્વારા પાક નુકસાન અંગે નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જિલ્લાઓમાં તા.૨૦/૦૮/૨૦૨૪ સુધીમાં થયેલ વાવેતર પૈકી ૪૮,૧૬૯ હેક્ટર વિસ્તાર વરસાદથી અસરગ્રસ્ત થયેલ છે. આણંદ જિલ્લામાં ૧૯૧ હેક્ટર, ભરૂચ જિલ્લામાં ૩૯,૦૦૨ હેક્ટર, સુરત જિલ્લામાં ૫૨૦૨ હેક્ટર, નવસારી જિલ્લામાં ૨૩૬૨ હેક્ટર અને તાપી જિલ્લામાં ૧૪૧૨ હેક્ટરમાં સરવે પૂર્ણ થયેલ છે. હાલના તબક્કે આણંદ જિલ્લામાં ચાર, ભરૂચ જિલ્લામાં ૮૯, સુરત જિલ્લામાં ૧૭, નવસારી જિલ્લામાં ૩૧ અને તાપી જિલ્લામાં ૨૬ એમ કુલ ૧૬૭ ટીમોની રચના કરી કુલ ૨૯ તાલુકાઓમાં પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિગતવાર સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આણંદ જિલ્લામાં ૦૪ ગામોમાં, ભરૂચ જિલ્લામાં ૫૦૯ ગામોમાં, સુરત જિલ્લામાં ૪૦૮ ગામોમાં, નવસારી જિલ્લામાં ૧૯૯ ગામોમાં અને તાપી જિલ્લામાં ૧૪૩ ગામોમાં સરવે પૂર્ણ થયેલ છે. જે અંગે આખરી અહેવાલ મળ્યેથી પાક નુકસાની સહાય અંગે નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**ભાવિ આયોજન**

હાલમાં, કુદરતી આપતિને લીધે ખેતી પાકોમાં નુકસાન થાય તો સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૫ તેમજ તા.૧૦/૧૦/૨૦૨૩ ના ઠરાવ મુજબ સ્ટેટ ડીઝાસ્ટર રીસ્પોંસ ફંડ (SDRF)ના ધારાધોરણો મુજબ જે કિસ્સાઓમાં પાકમાં ૩૩% અને ૩૩% કરતા વધારે નુકસાન થાય તો SDRFના ધારાધોરણ મુજબ સહાય મળવાપાત્ર થાય છે.

આમ, રાજ્ય સરકારશ્રી દ્વારા સદર કિસ્સામાં જિલ્લા તંત્ર સાથે સંકલન કરી કાર્યવાહી હાથ ધરાયેલ છે અને તે મુજબ નિયમોનુસાર નુકસાનીની તીવ્રતા ધ્યાને લઈ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય ચૂકવવા બાબતે નિર્ણય લેવામાં આવશે.